પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૫૧ | ૨૩ નવેમ્બર, ૨૦૨૧, મંગળવાર; કારતક વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યમાં ૧૦,૮૭૯ ગ્રામ પંચાયતની ચુંટણી જાહેર

**રાજ્યના ૧૦,૮૭૯ ગામોમાં આજથી આચારસંહિતાનો અમલ : ૨૯ નવેમ્બરે જાહેરનામું પ્રસિદ્ધ થશે અને ૪ ડિસેમ્બરથી ઉમેદવારી પત્ર ભરવાની શરૂઆત થશે : રાજ્યના ૧૦,૮૭૯ ગામોની ચુંટણી તા. ૧૯ ડિસેમ્બરે બેલેટ પેપરથી મતદાન થશે અને ત્યારબાદ ૨૧ ડિસેમ્બરે મતગણતરી**

ગાંધીનગર, તા.૨૨

રાજ્યની ૧૦,૮૭૯ ગ્રામ પંચાયતની ચૂંટણીનીતારીખો જાહેર કરી દેવામાં આવી છે. રાજ્ય ચૂંટણીપંચે જાહેરાત કરી હતી કે ૧૦,૮૭૯ ગામોમાં ચૂંટણી માટે ૧૯ ડિસેમ્બરે બેલેટ પેપરથી મતદાન થશે અને ૨૧ ડિસેમ્બરના મતગણતરી કરવામાં આવશે. આ ચૂંટણી માટે ૨૯ નવેમ્બરે જાહેરનામું પ્રસિદ્ધ થશે અને ૪ ડિસેમ્બરથી ઉમેદવારી પત્ર ભરવાની શરૂઆત થશે.

રાજ્યમાં કુલ ૧૦૮૮૨ ગ્રામ પંચાયત માટે ચૂંટણીની તારીખો જાહેરાત થતાં જ આજથી આચારસંહિતા પણ લાગુ થઈ ગઈ છે. જાહેરનામુ પ્રસિદ્ધ કરવાની તારીખ ૨૯ નવેમ્બર છે એટલે કે ઉમેદવારો આ તારીખથી પોતાની દાવેદારી પત્રક ભરી શકશે. ૪ ડિસેમ્બર ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ છે જે બાદ ૬ ડિસેમ્બર ફોર્મ ચેકિંગ કરવાની તારીખ જાહેર કરવામાં આવી છે. ઉમેદવારી પત્ર પરત ખેંચવાની તારીખ ૭ ડિસેમ્બર છે. ૧૯ ડિસેમ્બરે ચૂંટણીનું મતદાન થશે અને જો જરુર પડે તો ૨૦ ડિસેમ્બરે પુન: મતદાન પણ યોજાઈ શકે છે. સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી લોકો મતદાન કરી શકશે. જે બાદ ૨૧ ડિસેમ્બરે મત ગણતરી યોજાશે.



૨૪ તારીખે ચૂંટણીની તમામ પ્રક્રિયા પૂર્ણ થઈ જશે. ગ્રામ પંચાયતની ચૂંટણી પ્રક્રિયામાં નોટાનો પણ ઉપયોગ કરી શકાશે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર બેઠકો પ્રમાણે ઈફ્ર મશીન વ્યવસ્થા ન હોવાથી બેલેટ પેપરથી ચૂંટણી યોજાશે અને ચૂંટણી પંચ દ્વારા તમામ પ્રકારનું આયોજન હાથ ધરી દેવામાં આવ્યું છે. ગ્રામ પંચાયતોની ચૂંટણીની તારીખો જાહેર થતાની સાથે જ આચારસંહિતા લાગુ થઈ ગઈ છે.

ગ્રામ પંચાયતોની આ ચૂંટણી માટે ભાજપ સરકાર અને સંગઠને તૈયારી શરૂ કરી દીધી છે, પણ વિપક્ષ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી હજુ સંગઠનની રચનામાં અટવાયેલા છે. કોંગ્રેસમાં તો હજુ પ્રદેશ પ્રમુખ અને વિધાનસભાના વિરોધ પક્ષના નેતા પણ જાહેર કરવામાં આવ્યા નથી. ગ્રામ પંચાયતની ચૂંટણી આવી રહી હોવા છતાં કોંગ્રેસમાં હજુ સંગઠનની નવી ટીમ બની નથી. પરિણામે ગુજરાત કોંગ્રેસ હજુ પણ વેરવિખર છે. જેની સાથે ગુજરાતમાં ધમાકેદાર એન્ટ્રી લેનારી આમ આદમી પાર્ટી પણ હજુ કોઈ ચોક્કસ વ્યૂહરચના વિના આગળ વધી રહી હોવાનું જણાઈ રહ્યું છે.

## શેરબજારમાં કડાકો : લાખો રોકાણકારોના કરોડો ધોવાયા

**સેન્સેક્સ ૧૧૭૦ અંક ઘટીને ૫૮૪૬૫ પર બંધ રહ્યો હતો. જ્યાર નિફ્ટી ૩૪૮ અંક ઘટીને ૧૭૪૧૬ પર બંધ રહ્યો**

મુંબઈ, તા.૨૨

ભારતીય શેરબજારો સપ્તાહના પ્રથમ દિવસે ઘટીને બંધ રહ્યાં હતા. સેન્સેક્સ ૧૧૭૦ અંક ઘટીને ૫૮૪૬૫ પર બંધ રહ્યો હતો. જ્યાર નિફ્ટી ૩૪૮ અંક ઘટીને ૧૭૪૧૬ પર બંધ રહ્યો હતો. Paytmનો શેર ૧૭.૪૯ ટકા ઘટી ૧૨૯૨ પર કારોબાર કરી રહ્યો છે. શેરમાં આજે વધુ ૨૭૨ રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો છે. ઉલ્લેખનીય



છે કે શેર પ્રથમ દિવસે ૨૭ ટકા તૂટીને ૧૫૬૪ રૂપિયા પર બંધ રહ્યો હતો. Paytmની ઈસ્યુ પ્રાઈસ ૨૧૫૦ રૂપિયા નક્કી થઈ હતી. શેર પ્રથમ દિવસે જ ૨૭ ટકા તૂટીને ૧૫૬૪ રૂપિયાએ બંધ થયો હતો. એટલે કે રોકાણકારોને IPO પ્રાઈસની સરખામણીમાં ૫૮૬ રૂપિયા પ્રતિ શેરનું નુકસાન થયું હતું. ઉલ્લેખનીય છે કે લિસ્ટિંગ શેરીમનીમાં સંબોધન કરતા Paytmના ફાઉન્ડર વિજય શેખર શર્માની આંખમાં આંસુ આવી ગયાં હતા. જોકે Paytmનું લિસ્ટિંગ ઈસ્યુપ્રાઈસ કરતાં નીચી કિંમતે થતાં લોકોએ સોશિયલ મીડિયા પર આ અંગે રોષ વ્યક્ત કર્યો હતો. ગુરુવારે ભારતીય શેરબજારો આજે ઘટીને બંધ રહ્યાં હતા. સેન્સેક્સ ૩૭૨ અંક ઘટીને ૫૯,૬૩૬ પર બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી ૧૩૪ અંક ઘટીને ૧૭૭૬૪ પર બંધ રહ્યો હતો.

## અરામકો સાથેનો સોદો અટકી જતાં રિલાયન્સને ૬૬,૦૦૦ કરોડનો ઝટકો

**મુકેશ અંબાણીની માલિકીની રિલાયન્સે સાઉદી અરામકો સાથેની ૧૫ અબજ ડોલરની પ્રસ્તાવિત ડીલ રદ કરી છે**

નવી દિલ્હી, તા.૨૨

મુકેશ અંબાણીની માલિકીની દેશની સૌથી મૂલ્યવાન કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરના ભાવમાં સોમવારે ૪ ટકાનો ઘટાડો થયો. તેનાથી કંપનીની માર્કેટ કેપ લગભગ ૯ અબજ ડોલર એટલે કે ૬૬,૦૦૦ કરોડ રૂપિયા ઘટી ગઈ. કંપનીએ સાઉદી અરામકો સાથેની ૧૫ અબજ ડોલરની પ્રસ્તાવિત ડીલ રદ કરી દીધી છે. તેનાથી રોકાણકારોની ધારણા પ્રભાવિત થઈ અને રિલાયન્સના શેરના ભાવમાં ઘટાડો આવ્યો. બીએસઈ પર કંપનીનો શેર ૪.૨૨ ટકાના ઘટાડા સાથે ૨,૩૬૮.૨૦ રૂપિયા પર પહોંચી ગયો હતો. આ કિંમત પર કંપનીની માર્કેટ કેપ ૬૬,૦૦૦ કરોડ રૂપિયા ઘટી ગઈ. જોકે, એનાલિસ્ટ્સએ કંપનીના પ્રાઈસ ટાર્ગેટમાં કોઈ ફેરફાર નથી કર્યો. કંપની એનર્જી અને નવા કોમર્સ બિઝનેસમાં ઉતરવા ઈચ્છે છે. જાણકારોનું કહેવું છે કે, સારી બેલેન્સ

● અનુસંધાન પાન-૭ પર

## ગેહલોતે નવા મંત્રીઓને વિભાગોની ફાળવણી કરી

**રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે નાણા અને ગૃહ વિભાગ પહેલાની જેમ પોતાની પાસે રાખ્યા**

જયપુર, તા.૨૨

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે મંત્રીઓને ખાતાની ફાળવણી કરી દીધી છે. તેમણે નાણા અને ગૃહ વિભાગ પહેલાની જેમ પોતાની પાસે રાખ્યા છે. નગર વિકાસ મંત્રી શાંતિ ધારીવાલ અને કૃષિ મંત્રી લાલ ચંદ કટારિયાના વિભાગ પહેલાની જેમ યથાવત છે. ઉર્જા અને પાણી પુરવઠા મંત્રી બીડી કલ્લા હવે શિક્ષણ મંત્રીની જવાબદારી સંભાળશે. સચિન પાયલટ જૂથના વિશ્વેન્દ્ર સિંહને પહેલાની જેમ પર્યટન વિભાગ આપવામાં આવ્યો છે. ઉદ્યોગ મંત્રી રહેલા પરસાદી લાલ મીણા હવે ચિકિત્સા મંત્રી હશે. પ્રતાપ સિંહ પાસેથી પરિવહન વિભાગ લઈને ઉદ્યોગ વિભાગ આપવામાં આવ્યો છે. સચિન પાયલટ જૂથના રમેશ મીણાને પંચાયત રાજ અને ગ્રામીણ વિકાસ વિભાગ આપવામાં આવ્યો છે. હેમા રામને વન વિભાગ, મહેશ જોશીને જળ વિભાગ આપવામાં આવ્યો છે. પ્રમોદ જૈનને ખાણ, ગોવિંદ રામ મેઘવાલ આપદા રાહત મંત્રી હશે. બૃજેન્દ્ર ઓલાને પરિવહન વિભાગનો સ્વતંત્ર પ્રભાર સોંપવામાં આવ્યો છે. મમતા ભૂપેશ પહેલાની જેમ મહિલા તથા બાળ કલ્યાણ વિભાગના મંત્રી રહેશે પરંતુ હવે તે કેબિનેટ મંત્રી થઈ ગયા છે. અશોક ચાંદના પહેલાની જેમ ખેલ મંત્રી રહેશે. મહેન્દ્ર જીત માલવીયને જળ સંસાધન અને રામલાલ જાટને મહેસૂલ વિભાગ આપવામાં આવ્યો છે. આ પહેલા રવિવારે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે કહ્યુ હતુ કે મંત્રીપરિષદના નવા મંત્રીઓને વિભાગોની ફાળવણી આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખતા કરવામાં આવશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં રાજ્યમાં ફરી કોંગ્રેસની સરકાર બનશે.

રાજસ્થાનમાં ગેહલોતની આગેવાની હેઠળના મંત્રીમંડળમાં બહુપ્રતીક્ષિત ફેરબદલ રવિવારે પૂર્ણ થયો.

## આગામી શિયાળુ સંસદ સત્રમાં એમએસપી પર વિચાર કરાશે

**કિસાનોને વધુ એક ભેટ મળવાની છે : રામદાસ અઠાવલે**

નવી દિલ્હી, તા.૨૨

ત્રણેય કૃષિ કાયદા પરત લેવાની જાહેરાત બાદ કિસાનોને વધુ એક ભેટ મળવાની છે. સરકાર તેની મોટી માંગ મિનિમમ સપોર્ટ પ્રાઈઝ (સ્જીઁ) પર કાયદાની માંગ પણ સ્વીકારવાની છે. મોદી સરકારમાં સામાજિક ન્યાય તથા અધિકારિતા રાજ્યમંત્રી રામદાસ અઠાવલેએ સોમવારે કહ્યુ કે, કિસાન આંદોલન પરત લઈને ઘરે જાય. સંસદના આગામી સત્રમાં સરકાર એમએસપી પર વિચાર કરશે અને સાર્થક પગલું ભરશે.



પ્રધાનમંત્રી મોદીએ શુક્રવારે ગુરૂ પર્વ પર ત્રણ કૃષિ કાયદાને પરત લેવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ પણ કિસાનોએ આંદોલન ચાલુ રાખવાની જાહેરાત કરતા એમએસપી પર કાયદા સહિત છ સૂત્રીય માંગ કરી છે. સોમવારે લખનઉમાં કિસાનોની મહાપંચાયત યોજાઈ હતી. તેમાં પણ એમએસપી પર કાયદાની માંગ કરવામાં આવી છે.

આ વચ્ચે કેન્દ્રીય મંત્રી અઠાવલેએ વારાણસીમાં કહ્યુ કે, પ્રધાનમંત્રીએ કૃષિના ત્રણેય કાયદા પરત લઈ લીધા છે. સંસદના આગામી સત્રમાં સરકાર એમએસપી પર વિચાર કરશે અને યોગ્ય પગલા ભરશે, જે બધા કિસાનોના હિતમાં હશે. રામદાસ અઠાવલે એક પ્રવાસ પર પોતાની પાર્ટી રિપબ્લિક પાર્ટી ઓફ ઈન્ડિયાના સંમેલનમાં ભાગ લેવા વારાણસી પહોંચ્યા છે. સર્કિટ હાઉસમાં મીડિયા સાથે વાતચીતમાં કહ્યુ કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૦૧૪થી પોતાના મૂળ મંત્રી સબકા સાથ સબકા વિકાસ સૂત્ર હેઠળ દરેક વર્ગના વિકાસ માટે યોજનાઓ શરૂ કરી છે. આ યોજનાઓ દ્વારા વંચિત, દલિત, કિસાન સહિત તમામ વર્ગને લાભ પહોંચાડવામાં આવી રહ્યો છે.

તેમણે કહ્યું કે, કિસાનોના હિત માટે સરકારે જે ત્રણ કાયદા બનાવયા હતા, તેના પર કેટલાક રાજનેતાઓએ રાજનીતિ શરૂ કરી હતી. તે કારણે ભ્રમની સ્થિતિ ઉભી થઈ છે.

સરકાર હંમેશા કિસાનોના હિતમાં વિચારે છે, તેથી તેને કોઈ પ્રકારની સમસ્યા ન થાય એટલે કાયદા પરત લેવામાં આવ્યા છે. હવે આગળ તેની આર્થિક સ્થિતિ અને સુરક્ષાને મજબૂત કરવા પર અલગથી વિચાર કરશે.

## નિવૃતિની ઉંમર વધારવા પર સરકાર વિચાર કરી રહી છે

**પેન્શનની રકમ વધારવા પર સરકાર વિચારી રહી છે**

નવી દિલ્હી, તા.૨૨

કેન્દ્ર સરકાર કર્મચારીઓને જલદી ખુશખબર આપી શકે છે. કર્મચારીઓની નિવૃતિની ઉંમર અને પેન્શનની રકમ વધારવા પર સરકાર વિચાર કરી રહી છે. પ્રધાનમંત્રીની આર્થિક સલાહકાર સમિતિ તરફથી આ પ્રસ્તાવ મોકલવામાં આવ્યો છે. તેમાં દેશમાં લોકોના કામ કરવાની ઉંમર મર્યાદા વધારવાની વાત કહેવામાં આવી છે. સાથે પીએમની આર્થિક સલાહકાર સમિતિએ કહ્યું કે, દેશમાં નિવૃતિની ઉંમર વધારવાની સાથે યુનિવર્સલ પેન્શન સિસ્ટમ પણ શરૂ કરવી જોઈએ.

સમિતિના રિપોર્ટ અનુસાર આ સૂચન હેઠળ કર્મચારીઓને દર મહિને ઓછામાં ઓછા ૨ હજાર રૂપિયાનું પેન્શન આપવામાં આવશે. તમને જણાવી દઈએ કે આર્થિક સલાહકાર સમિતિએ દેશમાં સીનિયર સિટીઝનની સુરક્ષા માટે સારી વ્યવસ્થા કરવાની ભલામણ કરી છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જો કામકાજની ઉંમરની વસ્તી વધારવી છે તો તે માટે નિવૃતિની ઉંમર વધારવાની સખત જરૂરી છે. સામાજીક સુરક્ષા સિસ્ટમ પર દબાવ ઓછો કરવા માટે આમ કરી શકાય છે. રિપોર્ટમાં ૫૦ વર્ષથી ઉપરના વ્યક્તિઓ માટે પણ સ્કિલ ડેવલોપમેન્ટની વાત પણ કહેવામાં આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ એવી નીતિઓ બનાવવી જોઈએ જેનાથી કૌશલ્ય વિકાસ કરી શકાય. આ પ્રયાસમાં અસંગઠિત ક્ષેત્રો, અંતરિયાળ વિસ્તારમાં રહેતા લોકો, રેફ્યૂજી, પ્રવાસીઓને પણ સામેલ કરવા જોઈએ, જેની પાસે ટ્રેનિંગ હાસિલ કરવાના સાધન નથી, પરંતુ તેનું ટ્રેન્ડ થવું જરૂરી છે.

તમને જણાવી દઈએ કે વર્લ્ડ પોપ્યુલેશન પ્રોસ્પેક્ટસ ૨૦૧૯ મુજબ ભારતમાં વર્ષ ૨૦૫૦ સુધીમાં લગભગ ૩૨ કરોડ વરિષ્ઠ નાગરિકો હશે. એટલે કે દેશની લગભગ ૧૯.૫ ટકા વસ્તી નિવૃત્તની શ્રેણીમાં જશે. વર્ષ ૨૦૧૯ માં, ભારતની લગભગ ૧૦ ટકા વસ્તી અથવા ૧૪૦ મિલિયન લોકો વરિષ્ઠ નાગરિકોની શ્રેણીમાં છે.

## કેપ્ટન અભિનંદન વર્ધમાનને વીરચક્રથી સન્માનિત કરાયા

**પાક.ના F-16 ફાઈટરને તોડી પાડવા બદલ સન્માન**

નવી દિલ્હી, તા.૨૨

પાકિસ્તાનના એફ-૧૬ વિમાનને તોડી પાડનારા તત્કાલિન



વિંગ કમાન્ડર (હાલ ગ્રુપ કેપ્ટન) અભિનંદન વર્ધમાનને આજે વીરચક્રથી સન્માનિત કરવામાં આવ્યા. બાલાકોટ એરસ્ટ્રાઈક સમયે અભિનંદન વાયુસેનામાં વિંગ કમાન્ડર હતા. રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત સમારોહમાં અનેક સૈનિકોને સન્માનિત કરવામાં આવ્યા હતા.

૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ પાકિસ્તાનના આતંકી સંગઠન જૈશ એ મોહમ્મદે પુલવામામાં ઝઈંહ્વ ના કાફલા પર ફિદાયીન હુમલો કર્યો હતો. આ હુમલામાં ૪૦ જવાન શહીદ થયા હતા. હુમલાનો જડબાતોડ જવાબ આપવા માટે વાયુસેનાએ ૨૬-૨૭ ફેબ્રુઆરીની રાતે પાકિસ્તાનના બાલાકોટમાં એરસ્ટ્રાઈક કરી હતી. ભારતના આ હુમલામાં પાકિસ્તાનમાં બેઠેલા ૩૦૦થી વધુ આતંકીઓનો ખુડદો બોલાયો હતો.

## અનુપમાના એક્ટ્રેસ માધવી ગોગાટેનું ૫૮ વર્ષની વયે નિધન

**કોરોના સંક્રમિત થયા હતા માધવી ગોગાટે**

મુંબઈ, તા.૨૨

જાણીતી ટીવી સીરિયલ અનુપમામાં રૂપાલી ગાંગુલીની મમ્મીનો રોલ કરનારાં એક્ટ્રેસ માધવી ગોગટેનું અવસાન થયું છે. માધવી ગોગટેએ ૨૧ નવેમ્બરે અંતિમ શ્વાસ લીધા હતા. થોડા દિવસ પહેલા જ માધવી



ગોગટે કોરોના સંક્રમિત થયા હતા. એવા અહેવાલો છે કે, કોરોના સંક્રમિત થતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમની તબિયત સુધારા પર હતી પરંતુ અચાનક જ હાલત ખરાબ થઈ અને ૨૧ નવેમ્બરે બપોરે તેમણે છેલ્લા શ્વાસ લીધા હતા.

માધવી ગોગટેના અવસાનથી અનુપમાના કલાકારોને આઘાત લાગ્યો છે. અનુપમાનો રોલ કરતી એક્ટ્રેસ રૂપાલી ગાંગુલીએ પોતાની ઓન-સ્ક્રીન મમ્મીના અવસાન પર દુ:ખ વ્યક્ત કર્યું હતું. માધવી ગોગટે સાથેની તસવીર ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં શેર કરતાં રૂપાલીએ લખ્યું, ઘણું બધું કહેવાનું અધૂરું રહી ગયું.

## પઠાણકોટમાં ગ્રેનેડ હુમલો સમગ્ર જિલ્લામાં રેડ એલર્ટ

નવી દિલ્હી , તા.૨૨

પઠાણકોટના કાઠવાલા પુલથી ધીરા જવાના રસ્તામાં આવતા સેનાના ત્રિવેણી દ્વાર પર મોટરસાઈકલ સવારોએ ગ્રેનેડ ફેંક્યો હતો. આ કારણે ત્યાં તેજ વિસ્ફોટ થયો હતો. જોકે ગેટ પર ડ્યુટી સંભાળી રહેલા જવાનો થોડે દૂર હતા માટે કોઈને નુકસાન નથી પહોંચ્યું. ગ્રેનેડ ફેંકનારા બાઈક સવારો ક્યાંથી આવ્યા અને ક્યાં ગયા તેની પણ કોઈ વિગતો નથી મળી રહી. વિસ્ફોટ અંગેની જાણ થતાં જ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. પોલીસે સમગ્ર જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરી દીધું છે અને નાકાઓ પર પોલીસ અધિકારીઓને તૈનાત કરવામાં આવ્યા છે. પઠાણકોટના સૈન્ય ક્ષેત્ર ત્રિવેણી દ્વાર ગેટ પર મોડી



રાતે આશરે ૧:૦૦ વાગ્યે અજ્ઞાત બાઈક સવારોએ ગ્રેનેડ વડે હુમલો કર્યો હતો. આ કેસમાં જાનહાનિની કોઈ ઘટના સામે નથી આવી અને પોલીસે હાલ સમગ્ર જિલ્લામાં એલર્ટ જાહેર કરી દીધું છે. એસએસપી પઠાણકોટ સુરિંદર લાંબા સહિત પોલીસના તમામ વરિષ્ઠ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા છે.